# DATE: 09/11/2023 CATEGORY: GREEN
# E-PAPER DIVYABHASKAR PAGE-01

હવે મોજથી હરોફરો | ભરૂચ અને અંકલેશ્વરમાં ચોરીના બનાવો રોકવા પોલીસનો એક્શન પ્લાન

# વેકેશનમાં બંધ મકાનોની સુરક્ષા માટે 10 પોલીસ જવાનોની બે ટીમ પેટ્રોલિંગ કરશે

## દર વર્ષે દિવાળી બાદ ચોરીના સરેરાશ 20 બનાવ બનતા હોવાથી ચાલુ વર્ષે તકેદારીના પગલાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અને અંકલેશ્વરમાં દિવાળીના વેકેશનમાં ફરવા જવા માગતા લોકો માટે એક સારા સમાચાર આવ્યાં છે. જિલ્લામાં વેકેશનના સમયગાળામાં મકાનો બંધ હોવાથી સરેરાશ 20 જેટલા બનાવો ઘરફોડ ચોરીના બનતાં હોય છે ત્યારે ચાલુ વર્ષે પોલીસે બંધ મકાનો પર નજર રાખવા માટે 10 પોલીસ જવાનોની બે ટીમ બનાવી છે. મકાન બંધ કરી બહારગામ જતાં લોકોએ તેમના મકાનની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેથી પોલીસ આવા મકાનો પર નજર રાખી શકે.

હિંદુ સમાજના મહાપર્વ દિવાળીના તહેવારોનો આજે ગુરૂવારથી પ્રારંભ થશે. શાળા તથા કોલેજોમાં પણ દિવાળી વેકેશન શરૂ થઇ જશે.અબાલ વૃધ્ધ સૌ કોઇ દિવાળી પર્વની ઉજવણીમાં મશગુલ બની જશે. દિવાળી, બેસતુ વર્ષ તથા ભાઇબીજની ઉજવણી કર્યા બાદ મોટાભાગના લોકો બહારગામ ફરવા જતાં હોય છે. વેકેશનમાં બંધ મકાનોમાં ઘરફોડ ચોરીના બનાવો વધતાં હોય છે. લોકોની જીંદગીભરની કમાણી તસ્કરો એક રાતમાં ચોરી પલાયન થઇ જતાં હોય છે.ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસે એકશન પ્લાન તૈયાર કર્યો છે જે અંતર્ગત ભરૂચ અને અંકલેશ્વરમાં 10-10 પોલીસ જવાનોની બે ટીમો બનાવવામાં આવી છે. ટીમો રાઉન્ડ ક્લોક પેટ્રોલિંગ કરી રહેણાંક વિસ્તારોમાં ચાંપતી નજર રાખશે. વેકેશનમાં બહારગામ ફરવા જતાં અગાઉ બંધ મકાન અંગે નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા માટે મકાનમાલિકોને પોલીસતંત્રએ અપીલ કરી છે.

### પરત જતાં શ્રમિકો ગુનાખોરીને અંજામ આપે છે

દિવાળી તથા હોળીના તહેવારોમાં વતનમાં પરત જતાં કેટલાક શ્રમિકો રસ્તામાં ધાડ,લૂંટ કે ઘરફોડ ચોરીના બનાવોને અંજામ આપતાં હોય છે. ભૂતકાળમાં નબીપુરમાં મોટી લૂંટ વીથ મર્ડરની ઘટના આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી બની હતી.

### મકાન માલિકોએ શું પગલાં ભરવા

- નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવી.
- પાડોશીનું ધ્યાન દોરવું.
- શકય હોય તો મિત્ર કે સ્વજનને ઘરે સુવાડવા.
- ઘરમાં કિંમતી સામાન રાખવો જોઇએ નહિં.
- મકાન બરાબર બંધ થયું છે કે નહિ તે તપાસવું.

### જ્વેલર્સ-આંગડિયાઓ સાથે ખાસ બેઠક

ભરૂચ જિલ્લા પોલીસ વડાની સૂચનાથી દરેક પોલીસ સ્ટેશનમાં જ્વેલર્સ અને આંગડિયા સંચાલકો સાથે ખાસ બેઠક યોજવામાં આવી રહી છે. જેમાં તેઓને મોટી રકમ તેમજ મોટી માત્રામાં સોના-ચાંદીના દાગીનાના વહેવારને લઇને તકેદારી રાખવા સાથે લાવવા લઇ જતી વેળાં સિક્યુરિટી ગાર્ડ કે પછી પોલીસને સાથે રાખવા તાકીદ કરાઇ છે

### ચીલ ઝડપ માટે પણ તકેદારી

દિવાળીના તહેવારોમાં બજારોમાં લોકોની ભીડ થશે ત્યારે ચીલઝડપ, ઉઠાંતરી સહિતના બનાવો બને તે માટે પોલીસની એક ટીમ સાદા વેશમાં તેમજ અન્ય ટીમો ફુલ યુનિફોર્મમાં પેટ્રોલિંગ કરી ગુનેગારો પર નજર રાખશે તેમ પોલીસે જણાવ્યું છે.

### પેટ્રોલિંગ વધારવામાં આવશે

દિવાળીના વેકેશનમાં બંધ મકાનોમાં ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસતંત્ર તરફથી પુરતા પગલાં લેવાયાં છે. જિલ્લામાં નાઇટ પેટ્રોલિંગ સઘન બનાવવા તથા વાહન ચેકિંગ માટે આદેશ કરવામાં આવ્યાં છે. છેલ્લાં 15 દિવસથી વિવિધ જાહેરનામા ભંગ કરનારાઓ સામે પણ કાર્યવાહી કરાઇ રહી છે. » મયુર ચાવડા, એસપી, ભરૂચ

**DATE: 09/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે માલધારીઓની બેઠક બોલાવી તકેદારીના પગલાં ભરવા તાકીદ કરી

# અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં રખડતાં પશુઓનો ત્રાસ યથાવત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ગુજરાત રાજ્યમાં શહેરમાં રખડતા પશુઓ દ્વારા મનુષ્ય પર હુમલા ને લઈ હાઈકોર્ટે કડક વલણ અપનાવતા જ સમગ્ર ગુજરાત રાજ્યમાં રખડતા પશુઓના સંદર્ભમાં કરેલી કાર્યવાહી દેખાડવા માટે વિવિધ વિભાગોમાં દોડધામ મચી છે. ત્યારે અંકલેશ્વરમાં પોલીસ વિભાગે માલધારીઓ સાથે બેઠક યોજી રખડતાં પશુઓ કોઈનો જીવ ન લે તે માટે તકેદારીના પગલાં ભરવા સૂચના આપી છે. જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલી બેઠકમાં પીઆઈ સગરે પશુ માલિકોને જરૂરી સૂચનાઓ તેમજ કાયદા અંગેની જાણકારી આપી હતી. સરદાર પાર્ક, ગટ્ટુ વિદ્યાલય ચોકડી, જલધારા ચોકડી, માનવ મંદિર, જોગર્સ પાર્ક માં અસંખ્ય પશુઓ રખડતા જોવા મળી રહ્યા છે. ત્યારે આ પશુ જે પણ પશુ પાલક ના હોય તેને ત્વરિત અસર થી ઓળખ કરી ઢોરવાડામાં રાખવા પણ તાકીદ કરી હતી.

**DATE: 09/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દારૂના કેસમાં ફરાર બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસ મથકે તાજેતરમાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં સજોદ ગામનો કુખ્યાત બુટલેગર અમિત ધનસુખ કટારીયા વોન્ટેડ હતો. છેલ્લા કેટલાક દિવસો થી પોલીસ ધરપકડ થી નાસતો ફરતો હતો. સજોદ ગામ ખાતે આવેલ આંબેડકર નગર ખાતે આરોપી આવ્યો હોવાની ચોક્કસ માહિતી મળતાં પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમે દરોડો પાડી તેને ઝડપી પાડયો હતો.

**DATE: 10/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# પાનોલી પોલીસમથકમાં દારૂના ગુનામાં સંડોવાયેલા આરોપીની ધરપકડ

અંકલેશ્વરઃ પાનોલી પોલીસમથકના પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલા આરોપીને પેરોલ પોલીસે સાજોદ ગામમાંથી ઝડપી પાડ્યો હતો. વડોદરા રેન્જ આઇજી સંદીપસિંહ અને ભરૂચ જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ જિલ્લામાં નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓ પકડવા માટે આપેલી સૂચનાને પગલે પી.એસ.આઈ. વી.એ.રાણાના માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ અંકલેશ્વર તાલુકામાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે પાનોલી પોલીસમથકના પ્રોહિબિશન એક્ટના ગુનામાં સંડોવાયેલો આરોપી સજોદ ગામમાં ફરી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને સજોદ ગામના આંબેડકરનગરમાં રહેતા અમીત ધનસુખ કટારિયાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 10/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# નેત્રંગમાં દેશી દારૂનું વેચાણ કરતી ૮ મહિલા સહિત અન્ય ૬ બૂટલેગર ઝડપાયા

નેત્રંગ તા.૯

નેત્રંગ -દેડિયાપાડા રોડ ઉપર આવેલા થવા ગામના પાટિયા પાસે વિદેશી દારૂની બોટલો ભરેલા થેલા સાથે ઉભેલા એક બૂટલેગર અને નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારની અલગ અલગ બીટોના પોલીસ રેડ કરી ૮ બૂટલેગરો સહિત અન્ય ૬ બૂટલેગર મળી કુલ ૧૩ બૂટલેગર ઝડપાઈ જતાં બૂટલેગરો સામે ગુનો દાખલ કર્યો છે.

# મોટા જાંબુડા ગામની મહિલા બૂટલેગરને ત્યાર સતત બે દિવસ દરોડો પાડ્યો

નેત્રંગ પોલીસને મળેલી બાતમીના આધારે નેત્રંગ-દેડિયાપાડા રોડ પર આવેલા થવા ગામના પાટિયા પાસે એક અજાણ્યો શખ્સ વિદેશી દારૂની બોટેલો ભરેલા થેલા સાથે ઉભો હતો.પોલીસે થવા ગામના પાટિયા પાસે જઇ શખ્સની અંગઝડતી કરતા રૂ.૫૮૦૦ નો દારૂ ઝડપી લીધો હતો.

તેનું નામ પૂછતા ધર્મેશ જેસીંગ વસાવા રહે નિશાળ ફળિયુ પોમલાપાડા તા. દેડિયાપાડા જિ નર્મદા જ્યારે અલગ અલગ બીટ વિસ્તારોમા દેશી દારૂનુ વેચાણ કરનાર બૂટલેગરોમાં (૧) સંવિતા ઉર્ફે ગોમતી વસાવા રહે લાલમંટોડી નેત્રંગ.(૨) શકુ વલ્લભ વસાવા રહે નિશાળ ફળયુ કોયલી માંડવી (૩) સુરી સરાધ વસાવા રહે ચંદવાણ તાડ કંપની.(૪) સંગીતા અર્જુન વસાવા રહે સ્ટેશન ફળીયુ મોટામાલપોર (૫) ઉર્મિલા સુરેન્દ્ર વસાવા રહે ગૌચર ફળીયુ મોટા જાંબુડા (૬)સુમિત્રા છગન વસાવા રહે ઝરણાવાડી (૭) સુનંદા રાજેશ વસાવા રહે ઝરણા ફોરેસ્ટ (૮) સુરકીયા સેંગજી વસાવા રહે ચંદવાણ તાડકંપની (૯)લક્ષ્મણ દેવા વસાવા રહે ખરેઠા (૧૦) હરી સોનજી વસાવા રહે નવીનગરી વાંકોલ (૧૧) જેઠા દલસુખ વસાવા રહે મચામડી (૧૨) દિલીપ ચંદુ વસાવા. રહે વરખડી (૧૩) જશુ ફકીયા વસાવા રહે ખરેઠા.મોટા જાબુંડા ખાતે રહેતી મહિલા બૂટલેગર ઉર્મિલા સુરેન્દ્રને ત્યા પોલીસે સતત બે દિવસ રેડ કરી હતી.

**DATE: 10/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

### દારૂના અડ્ડા બંધ કરાવવા ગ્રામજનોએ આવેદન પાઠવ્યા બાદ

# નેત્રંગ તાલુકાના શણકોઈ ગામે બે સગાભાઈના ઘરમાંથી દારૂ ઝડપાયો

નેત્રંગ. તા.૯

નેત્રંગ તાલુકાના શણકોઈ ગામે દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે ગ્રામજનોએ સરપંચની આગેવાની હેઠળ પી એસ આઈ અને મામલતદારને આવદેન પાઠવ્યુ હતુ.નેત્રંગ પોલીસે શણકોઈ ગામે બે બૂટલેગરોના અડ્ડા પર દરોડો પાડી માત્ર રૂ. ૬૫ નો મુદ્દામાલ કબજે લેતા ગ્રામજનોમાં તંત્ર સામે રોષ જોવા મળ્યો છે.

## માત્ર રૂ.૬૫નો દારૂ ઝડપી પોલીસે સંતોષ માનતા ગ્રામજનોમાં રોષ

નેત્રંગ-દેડિયાપાડા માર્ગ પર આવેલા સાત ફળિયા વિસ્તાર ધરાવતા શણકોઈ ગામે દેશી વિદેશી દારૂના અડ્ડાઓ તંત્રની રહેમ નજર હેઠળ ખુલ્લે આમ ચાલી રહ્યા છે.તેના કારણે યુવાનોમાં દારૂ પીવાનું દુષણ વધી રહ્યુ છે.ગામની બહેન,દિકરીઓ નાની ઉંમર માજ વિધવા બની રહી છે. જેને લઈ શણકોઈ ગામના આગેવાન સહિત બીલાઠા ગુપ ગ્રામપંચાયતના સરપંચની આગેવાનીમા ગ્રામજનોએ નેત્રંગ મામલતદાર તેમજ પીએસઆઈને આવેદનપત્ર પાઠવી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માગણી કરી છે.

જે બાદ નેત્રંગ પોલીસે તા ૧ નવેમ્બરના રોજ શણકોઈ ગામે હનુમાન ફળીયા ખાતે દેશી દારૂનુ વેચાણ કરનાર બે સગાભાઈ (૧) કાલીદાસ અંબાલાલ વસાવા (૨) દિનેશ અંબાલાલ વસાવા ઓને ત્યા રેડ કરી એક મહુડા તેમજ ત્રણ સો ગ્રામ નવસાર ઝડપી માત્રને માત્ર ૬૫ રૂપિયાનો મુદામાલ જપ્ત કરતા ગ્રામજનોમા તંત્ર પ્રત્યે છુપો રોષ જોવા મળી રહ્યો છે.નેત્રંગ નગર સહિત તાલુકાના અન્ય ગામોમા દેશી દારૂ બનાવવા માટે ખુલ્લેઆમ વેચાણ થઈ રહેલ મહુડા, નવસાર, ફટાકડી, અખાદ્ય ગોળ વેચનારાઓ પર કડક કાર્યવાહી કર તો જ દારૂનું દુષણ નાશ પામશે

**DATE: 10/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ખળી ફળિયામાં પોલીસની રેડથી દોડધામ

# વાગરામાં ટોર્ચના અજવાળે જુગાર રમતાં 8 જણા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા શહેરના ખળી ફળિયામાં જાહેરમાં કેટલાંક લોકોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતનીમના આધારે પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડતાં કેટલાંક શખ્સો રાત્રીના સમયે ટોર્ચના અજવાળે જુગાર રમી રહ્યાં હોવાનું જણાયું હતું. ટીમે દરોડો પાડતાં જુગાર રમતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે તે પૈકીના રોહિત કાભઈ વસાવા, શંકર મગન વસાવા, રાહુલ રમેશ સોલંકી, ચેતન રામચંદ્ર વસાવા, સંજય હઠેસંગ વસાવા, અનિલ નગીન પટેલ, ચિરાગ રામચંદ્ર વસાવા તેમજ નકુલસિંહ અર્જૂનસિંહ રાજને ઝડપી પાડ્યાં હતાં. તેમની પાસેથી દાવ પર લાગેલાં તેમજ અંગજડતીના મળી કુલ 15 હજારથી વધુની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉલ્લેખનિય છે કે, ઝડપાયેલાં એક પણ જુગારિયા પાસે પોલીસને એક પણ મોબાઈલ મળ્યો ન હતો.

DATE: 10/11/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### જૂના કાંસીયામાં દારૂની ભઠ્ઠી પર રેઇડમાં ખુલ્યું

# બૂટલેગરોને અખાદ્ય ગોળ વેચતો અંકલેશ્વરનો વેપારી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના જુના કાંસીયા ગામની સીમમાં દેશી દારૂ પ્રકરણ માં વોન્ટેડ ગોળના વેપારીને પોલીસે ઝડપી પાડ્યો હતો.

ગત 3 નવેમ્બર ના રોજ અંકલેશ્વર પોલીસને મળેલી માહિતીના આધારે જુના કાસીયાની લાલવાડીમાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર રેડ કરી હતી. દારૂની ભઠ્ઠી ચલાવતા જુના કાસીયાના રમેશ વસાવા,નરેશ વસાવા તેમજ નવા કાશીયાના વિનોદ વસાવાને ઝડપી લીધા હતા અને સ્થળ પરથી રૂપિયા 16 હજાર 200 નો દેશી દારૂ નો જથ્થો તેમજ વોશ સહીત દેશી દારૂ ગાળવા ના સાધનો તથા વાહનો મળી 12 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલાં બુટલેગરોની પૂછપરછમાં અખાદ્ય ગોળ અંકલેશ્વરના પીરામણ નાકા પાસે રહેતા જીજ્ઞેશ મોદી પાસેથી ખરીદ્યો હોવાની તેમણે કબુલાત કરતાં તેને ભાગેડુ જાહેર કરાયો હતો. પોલીસને ચકમો આપી નાસતો ફરતો વેપારી આખરે પોલીસ સકંજામાં આવ્યો છે.

**DATE: 10/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દરિયાઇ તટની સુરક્ષા માટે ઓપરેશન સાગરકવચ અંતર્ગત ભરૂચ પોલીસની કવાયત

# દરિયામાં શંકાસ્પદ બોટ દેખાતાં પોલીસનું સર્ચ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દરિયામાં શંકાસ્પદ બોટ ઘુસી આવી હોવાના મેસેજ પોલીસ વિભાગને મળતાં ભરૂચ એસઓજીની ટીમ તુરંત એક્શનમાં આવી ગઇ હતી. તેમણે દરિયા કિનારેના પોલીસ સ્ટેશનોને સતર્ક કરી દરિયામાં ચેકિંગ શરૂ કર્યું હતું. બે દિવસની મોકડ્રીલમાં ભરૂચ પોલીસે ખડેપગે રહીને દરિયામાં સર્ચ કર્યું હતું. પરંતુ કોઇ શંકાસ્પદ બોટ મળી ન હતી. જોકે, બાદમાં સમગ્ર કવાયત એક મોકડ્રીલ હોવાનું માલુમ પડ્યું હતું.

ગુજરાતના 1600 કિમીના દરિયા કિનારાની સુરક્ષા માટે સુરક્ષા એજન્સીઓએ ઓપરેશન સાગર કવચ શરૂ કરવામાં આવ્યું છે. આ ઓપરેશનના ભાગરૂપે દરિયામાં એક શંકાસ્પદ બોટમાં કેટલાંક ઇસમોએ ઘુસણખોરી કરવાના હોવાનો મેસેજ ભરૂચ પોલીસને મળી હતી. જેના પગલે ભરૂચ એસપી મયુર ચાવડાએ એસઓજીને તુરંત તાકીદ કરતાં એસઓજીની ટીમે ભરૂચ જિલ્લાના મરીન પોલીસ સ્ટેશનો કાવી, વેડચ, જંબુસર, દહેજ, ભરૂચ અને હાંસોટ તેમજ મરીન આઉટ પોસ્ટ દેવલાં, ભાડભુત, કંટિયાજાળ, ગંધાર અને લુવારાના મરીન પોલીસ જવાનો તેમજ એલસીબી અને એસઓજીના ચુનંદા જવાનોએ છેલ્લાં બે દિવસથી દરિયામાં દૂર સુધી ચેકિંગ કર્યું હતું. જોકે, ભરૂચ જિલ્લામાં શંકાસ્પદ બોટ આવી ન હોવાનું સ્પષ્ટ થયું હતું. જે બાદ સમગ્ર મામલો એક પ્રકારની મોકડ્રીલ હોવાનું માલુમ પડ્યું હતું.



### આધુનિક સાધનોનો ઉપયોગ કરાયો હતો

ભરૂચમાં વાગરા, જંબુસર તથા હાંસોટ તાલુકાના 121 કિમીના દરિયાકિનારાની સુરક્ષા માટે પોલીસતંત્ર કેટલું સતર્ક છે તે માટે કવાયત કરવામાં આવી હતી. બે દિવસથી દરિયામાં આધુનિક સાધનોથી સજ્જ બોટની મદદથી પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. દરિયામાં તેમજ કિનારા વિસ્તારમાં થતી ગતિવિધિઓ ઝડપથી પોલીસ સુધી પહોંચે તેનો પણ અભ્યાસ કરાયો હતો.- આનંદ ચૌધરી, પીઆઇ, એસ.ઓ.જી., ભરૂચ

**DATE: 11/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાર સહિત 3 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# પાનોલી નજીકથી વાલ્વ સાથે કારસવાર 3 યુવાનો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાનોલી વિસ્તારમાં એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે બાકરોલ બ્રિજ પાસેથીશંકાસ્પદ એસ.એસ. વાલ્વ કારમાં લઈ જવામાં આવી રહ્યો છે. બાકરોલ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. ઈકો કાર આવતા પોલીસે તેને આંતરી હતી અને તલસી લેતા અંદર થી 38 કિલો વજન ના એસ.એસ.વાલ્વ નો જથ્થો મળી આવ્યો હતો જે અંગે જરૂરી આધાર પુરાવા માંગતા કારમાંબેઠેલાત્રણ ઈસમોગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. વાલ્વ ચોરીનો હોવાની આશંકા સાથે વાલ્વ નો જથ્થો તેમજ ઈકો કાર મળી 3 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ પોલીસે દિપક ઈરફે વિક્કીપંકજ સિંગ, ગોકુલલાલ શાહ, અને બાબુ સિરાજ અંસારી ની ધરપકડ કરી પાનોલી પોલીસ ના હવાલે કર્યા હતા.

# ઝઘડિયામાં એલસીબીની કાર્યવાહી

# પોલીસ સ્ટેશનથી એક કિમી દૂર દારૂ ભરેલી કાર ઝડપાઇ

**ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા ભરૂચ**

જિલ્લામાં દારૂ જુગારના કેસો કરવાની કાર્યવાહી હાથ ધરવા એસપીએ સુચના આપી છે. જેના અનુસંધાને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ઉત્સવ બારોટ દ્વારા દારૂ જુગારના કેસો શોધી કાઢવા લોકલ ક્રાઈમ બ્રાન્ચની અલગઅલગ ટીમો બનાવી સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યાં છે. પીએસઆઇ એમ.એમ.રાઠોડ ટીમ સાથે ઝઘડિયા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે ઝઘડિયા ટાઉન વિસ્તારમાં આવેલ હનુમાન ફળિયામાં રહેતા મુકેશ રાવળે ઝઘડિયા પોલીસ સ્ટેશનથી 1 હજાર મીટર દુર તેની ફોર વ્હિલ ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને સંતાડી રાખેલ છે. જેથી ટીમે સ્થળ પર રેડ કરતા ફોર વ્હિલ ગાડીમાંથી વિદેશી દારૂનો 56 હજારથી વધુનો મુદ્દામાલ મળી આવ્યો હતો. દારૂ તેમજ કાર મળી 1.56 લાખથી વધુનો મુદ્દામાલ ઝપ્ત કર્યો હતો. જોકે, મુકેશ ઝીણા રાવળને વોન્ટેડ જાહેર કરીને ઝઘડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 11/11/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ઉમલ્લા ગામે રેતીની બે ટ્રક ઉપર તાડપત્રી નહીં ઢાંકતા બે ડ્રાઈવર સામે ગુનો દાખલ

ઝઘડિયા તા.૧૦

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ગામે ઉમલ્લા પોલીસના જવાનો ઉમલ્લાના બાપજી ફળિયા નજીક વાહન ચેકિંગમાં હતા.તે દરમિયાન પસાર થતા વાહનો પૈકી રેતી ભરેલ બે ટ્રકો પર તાડપત્રી ઢાંકેલ નહિ હોવાનું જણાતા આ ટ્રકોને અટકાવી હતી.

## ટ્રકમાંથી ઉડતી રેતીથી પાછળ આવતા દ્વિચક્રી વાહન ચાલકોની આંખોમાં રેતી પડતી હોવાથી હાલાકી

પોલીસે બંને ટ્રકોના ચાલકો સામત ભાઈ વાહાભાઈ સોહલા રહે.ગામ ધામરોડ તા.માંગરોળ જી.સુરતના તેમજ રોહિત ભાઈ શનાભાઈ વસાવા રહે.ઉમલ્લા તા.ઝઘડિયા જિ.ભરૂચના વિરૂધ્ધ ગુના નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પાણેથા પંથકમાંથી આવતા રેતી વાહક વાહનો ઉમલ્લા દુ.વાઘપુરાના મુખ્ય બજારમાંથી પસાર થતાં હોઈ જો રેતી પર તાડપત્રી બાંધેલ ના હોય તો બજારમાં આવતા ગ્રાહકો રાહદારીઓ અને દુકાનદારોને પણ તકલીફ પડતી હોય છે.પોલીસ દ્વારા રેતીની ટ્રકો પર તાડપત્રી નહિ ઢાંકતા ટ્રક ચાલકો પર કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઝઘડિયા તાલુકામાંથી વહેતી નર્મદા નદીના વિશાળ પટમાંથી રેતી ભરીને દરરોજ મોટી સંખ્યામાં ટ્રકો આવતી હોય છે.

તાલુકાના પાણેથા પંથક તેમજ ભાલોદ પંથકમાંથી નર્મદા નદીની રેતી ભરીને દરરોજ સેંકડો ટ્રકો પસાર થાય છે.

સામાન્ય રીતે રેતીવાહક વાહનો પર વ્યવસ્થિત રીતે તાડપત્રી ઢાંકવાની હોય છે, કારણકે જો તાડપત્રી ઢાંકેલી ન હોયતો દોડતી ટ્રકમાંથી રેતી ઉડતા પાછળ આવતા વાહનચાલકો અને ખાસ કરી દ્વિચક્રી વાહન ચાલકોની આંખોમાં ઉડતી રેતી પડતા આવા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે. રેતી વાહક વાહનોના ચાલકોએ આ નિયમનું પાલન કરવાનું હોય છે.